*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0159445

**01(G)**

**(MARCH, 2017)**

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. |
| Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet. |
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

<u>સૂચનાઓ :</u>

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

■ **1 થી 50 પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચાં વિકલ્પનો ક્રમ અક્ષર પર શીટમાં પેનથી ઘટ્ટ કરવું :**

1) વાર્તાનાયકની દૃષ્ટિએ પતિપત્ની જુદાં રહેવાથી શો ફાયદો થાય છે ?

(A) ઘરમાં ઝઘડો થતો અટકે છે.

(B) પતિ-પત્ની વચ્ચે પ્રેમ વધે છે.

(C) ઘરમાં શાંતિ લાગે છે.

(D) કાગળો લખવાથી સ્ત્રીઓના અક્ષર સુધરે છે.

2) 'પેરેલિસિસ' અને 'આકાર' આ નવલકથાઓ કયા સર્જકની છે ?

(A) રા.વિ. પાઠક (B) કાકા કાલેલકર

(C) ચંદ્રકાન્ત બક્ષી (D) કનૈયાલાલ મુનશી

3) જાંબાળા...ખોપાળા...તગડી... ને ભડી... (એમાં ભડી તો હવે...) એવું લેખક શા માટે કહે છે ?

(A) ભડી ભાવનગરમાં વિલીન થઈ ગયું હતું.

(B) ભડીથી ભાગ્યે જ પેસેન્જર મળતા હતા.

(C) ભડીથી ગિલાને કંઈ ખાસ લાભ ન હતો.

(D) ભડીના માર્ગે જવું લોકોને ગમતું ન હોતું.

4) 'સ્ત્રી કેળવણી' નિબંધનું સંકલન શેમાંથી કરવામાં આવ્યું છે ?

(A) નર્મકવિતા (B) નર્મગદ્ય

(C) નર્મકોશ (D) મારી હકીકત

5) લેખકનો વૃક્ષ પ્રત્યેનો આદરભાવ કયા શબ્દોમાં વ્યક્ત થયો છે ?

(A) વૃક્ષોનો ઈન્કાર જીવનચેતનાનો ઈન્કાર છે.

(B) વૃક્ષો પ્રકૃતિની ગોદમાં ઉછરે છે.

(C) વૃક્ષો જીવતા જાગતા દેવ છે, જીવનનો દેવ છે.

(D) વૃક્ષો કુદરતના આશીર્વાદ છે.

6) 'સોનાનાં વૃક્ષો' પાઠના લેખક કોણ છે ?

(A) મણિલાલ પટેલ (B) લાભશંકર ઠાકર

(C) ચંદ્રકાન્ત બક્ષી (D) જ્યોતીન્દ્ર દવે

7) ‘ટાઈમટેબલ’ પાઠનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) નિબંધ
(B) ચરિત્રનિબંધ
(C) લલિતનિબંધ
(D) હાસ્યનિબંધ

8) સ્વામીજીએ કહ્યું કે ‘પ્રકૃતિ ખુદ એક કવિતા છે’ કારણ કે...

(A) ઈશ્વરની રચનાઓ પ્રકૃતિ દ્વારા થાય છે.
(B) કાવ્યો રચવાની પ્રેરણા પ્રકૃતિમાંથી મળે છે.
(C) કવિતામાં પ્રકૃતિનાં વૃક્ષો, ફૂલો, તારા, ચન્દ્ર, નદીઓ જેવાં સ્વરૂપોનું વર્ણન થાય છે.
(D) પ્રકૃતિને ખોળે બેસનારને અવર્ણનીય આનંદ મળે છે.

9) ‘એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર’ પાઠ લેખકની કઈ કૃતિમાંથી લેવામાં આવ્યો છે ?

(A) વીઝન ઈન્ડિયા
(B) વીન્ગ્ઝ ઑફ ફાયર
(C) ફાયર ઑફ વીન્ગ્ઝ
(D) ધ ન્યુ મિલેનિયમ

10) ‘આક્કા’ પાઠનું કયું વિધાન દીકરી માટે નકારાત્મક માન્યતાવાળું છે ?

(A) ‘દીકરી છે વહાલનો દરિયો અને તુલસીનો ક્યારો.’
(B) ‘શહાણું માણસ લાભત નાહીં’
(C) ‘દીકરા તેટલા વહાલા અને દીકરી તેટલી અળખામણી.’
(D) ‘બહેન-દીકરીઓને હું દૂરથી પૂજું છું.’

11) ‘દાદાજી ! દાદાજી ! હું લૂંટાઈ ગઈ. મારું સર્વસ્વ હણાઈ ગયું.’ – આ ઉક્તિ કઈ બાબતનું સૂચન કરે છે ?

(A) ઈન્દિરાના વલોપાતનું
(B) ઈન્દિરાના ગાંડપણનું
(C) ઈન્દિરાની લાચારીનું
(D) ઈન્દિરાના ઘરમાં થયેલી લૂંટનું

12) ''ધીમે ધીમે તે ડગ ધરતો - કોઈ મત્ત ગજેંદ્રની માફક. તેમાં નહોતો ક્ષોભ કે નહોતી ખિન્નતા.'' - આ પાત્રાલેખન કોનું છે ?

(A) તૈલપ (B) ભિલ્લમ

(C) પૃથિવીવલ્લભ (D) મૃણાલવતી

13) 'ઓ ઈશ્વર ભજિયે તને
મોટું છે તુજ નામ...' આ પંક્તિ કઈ કૃતિની છે ?

(A) વૃક્ષ (B) આક્કા

(C) શૂલપાણેશ્વર (D) છકડો

14) નીચેનાં જોડકાં ધ્યાનથી જોઈ સાચો વિકલ્પ પસંદ કરો.

| | અ | | બ |
|---|---|---|---|
| (1) | શૂલપાણેશ્વર | (a) | રેવાશંકર |
| (2) | વૃક્ષ | (b) | ચીમી |
| (3) | જક્ષણી | (c) | શ્યામલાલ |
| (4) | આક્કા | (d) | છગન |

(A) (1-c), (2-d), (3-a), (4-b)

(B) (1-b), (2-c), (3-d), (4-a)

(C) (1-a), (2-b), (3-c), (4-d)

(D) (1-d), (2-a), (3-b), (4-c)

15) નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) છકડો - જીવ

(B) વૃક્ષ - બાથટબમાં માછલી

(C) આક્કા - સ્મરણયાત્રા

(D) સોનાનાં વૃક્ષો - 'રંગ તરંગ' ભાગ-2

16) ભગવાનના ભક્ત મોક્ષ માગતા નથી પણ દરેક જન્મમાં પૃથ્વી પર મનુષ્યનો જન્મ માગે છે, કેમ કે ...

(A) તેમને શ્રીકૃષ્ણની ભક્તિ કરવી છે.

(B) તેમને શ્રીકૃષ્ણની સાથે રાસલીલા કરવી છે.

(C) તેમને તપ કરવા વનમાં જવું છે.

(D) તેમને ભક્તોને ઉપદેશ આપવો છે.

17) કવિ શામળે પંડિતાઈ, વિદ્યા, નીતિ, સદાચાર, સદ્‌ગુણ, ઉદ્યમ વગેરેનો મહિમા નીચેના પૈકી કયા સાહિત્યપ્રકારમાં વ્યક્ત કર્યો છે ?

(A) ઉખાણાં

(B) પદ્યવાર્તા

(C) ચોપાઈ

(D) છપ્પા

18) ‘ઝઘડો લોચન-મનનો’ કાવ્ય કઈ કૃતિમાંથી લેવામાં આવ્યું છે ?

(A) સોરઠી સંતવાણી

(B) મીરાંનાં પદો

(C) દયારામ રસસુધા

(D) રસિકવલ્લભ

19) ગંગાસતીની દષ્ટિએ સાચા ભક્તની સાબિતી કઈ છે ?

(A) તે સુખમાં છકી જાય છે.

(B) મુશ્કેલી આવતાં તેનું મન ડગતું નથી.

(C) તે અંતરમાં અભિમાન રાખે છે.

(D) તે ચંચળ અને શંકાશીલ હોય છે.

20) યજ્ઞયાગ, જપ તપ ને તીરથ – એ પ્રભુ પ્રાપ્તિનાં પાંચ ક્રિયાકર્મો છે, એ બધામાં કવિએ કોને સૌથી ચઢિયાતો ગણાવ્યો છે ?

(A) વૈરાગ્યને (B) સેવાને

(C) સત્સંગને (D) ભક્તિને

21) 'સંસ્કૃત તત્સમ' – મૂળ સંસ્કૃત ભાષાના શબ્દોનો વધારે પ્રમાણમાં ઉપયોગ તમારા પાઠ્યપુસ્તકની કઈ કૃતિમાં થયો છે ?

(A) જૂનું પિયરઘર (B) પ્રશ્ન

(C) અતિજ્ઞાન (D) તીર્થોત્તમ

22) સર્જક અને ઉપનામનાં સાચાં જોડકાં શોધો.

(a) જ્યોતીન્દ્ર દવે (1) સેહની

(b) બ.ક. ઠાકોર (2) ઈર્શાદ

(c) ચિનુ મોદી (3) વાસુકિ

(d) ઉમાશંકર જોષી (4) ગુપ્ત

(A) (a-3), (b-2), (c-1), (d-4)

(B) (a-1), (b-4), (c-3), (d-2)

(C) (a-4), (b-1), (c-2), (d-3)

(D) (a-2), (b-3), (c-4), (d-1)

23) નીચેના સર્જકો પૈકી કયા સર્જક ગુજરાતી સૉનેટના પિતા તરીકે ઓળખાય છે ?

(A) ઉમાશંકર જોષી (B) બ.ક. ઠાકોર

(C) લાભશંકર ઠાકર (D) ચિનુ મોદી

**24)** 'પ્રશ્ન' કાવ્ય કવિના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(A) વિશ્વશાન્તિ (B) ગંગોત્રી

(C) સંસ્કૃતિ (D) નિશીથ

**25)** ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક નીચે આપેલ સર્જકોમાંથી કોને મળ્યો હતો ?

(A) નર્મદ (B) મકરંદ દવે

(C) જ્યોતીન્દ્ર દવે (D) ઉમાશંકર જોષી

**26)** કવિ શ્રી બાલમુકુન્દ દવેને ઉત્તમ તીર્થનાં દર્શન ક્યાં થયા ?

(A) મંદિરની મૂર્તિનાં દર્શન કરવામાં.

(B) બાળકીને સ્તનપાન કરાવતી માતાની વાત્સલ્યપૂર્ણ આંખોમાં.

(C) ગરીબોની લાચાર આંખો જોવામાં.

(D) અડસઠ તીર્થોની પવિત્ર નદીઓમાં સ્નાન કરવામાં.

**27)** 'અદીઠો સંગાથ' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) સૉનેટ (B) ગઝલ

(C) ગીત (D) લોકગીત

**28)** મનુષ્યનાં સર્વ દુઃખોનું મૂળ કારણ એની ઈચ્છાઓ - આકાંક્ષાઓ જ છે, આપણે મૂળ વસ્તુને મૂકી પડછાયા પાછળ દોડીએ છીએ- આ વાસ્તવિક જીવનનું સત્ય કઈ કૃતિમાં રજૂ થયું છે ?

(A) તીર્થોત્તમ (B) અદીઠો સંગાથ

(C) મન નો ડગે (D) તપાસીએ

29) કાવ્યની નાયિકા દૂર વસતા પોતાના પતિને કુંજલડી દ્વારા સંદેશો મોકલે છે ત્યારે કુંજલડી નાયિકાની પાંખ પર સંદેશો લખવાનું કહે છે. કારણ કે–

(A) તે મુખથી બોલી શકે તેમ નથી. (B) તેને જીભ નથી.

(C) તેને સંદેશો કહેતાં ન આવડે. (D) તેને સંદેશો યાદ રહે નહિ.

30) 'ખૂંદી ખમે માતા પ્રથમી...' આ દુહામાંથી કયો બોધ મળે છે ?

(A) સંપનો (B) સહનશીલતાનો

(C) પરોપકારનો (D) ભાવસંવેદનાનો

31) નીચેનામાંથી દ્વન્દ્વ સમાસનું કયું ઉદાહરણ સાચું નથી તે જણાવો.

(A) રાધાકૃષ્ણ (B) માતાપિતા

(C) સુખદુઃખ (D) આગગાડી

32) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

'જેની બુદ્ધિ સ્થિર છે તેવો માણસ'

(A) સ્થિતપ્રજ્ઞ (B) પ્રજ્ઞાવાન

(C) અનાસક્ત (D) વૈરાગી

33) નીચેનામાંથી ઉત્પ્રેક્ષા અલંકાર કયો છે ?

(A) દમયંતીનું મુખ જાણે ચંદ્ર.

(B) વૃક્ષો ઋતુની રાહ જોતાં રહે છે.

(C) મહુડા માયા ઉતારતા યોગી જેવા લાગે છે.

(D) દીકરાઓ પાણીની પેઠે પૈસા ઉડાવે છે.

34) નકશામાં જોયું તે ન કશામાં – આમાં કયો અલંકાર છે તે જણાવો.

(A) શ્લેષ (B) અનન્વય

(C) વ્યાજસ્તુતિ (D) રૂપક

35) નીચે આપેલ પંક્તિના છંદનું નામ જણાવો.
'બેસી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં.'

(A) પૃથ્વી (B) મંદાક્રાન્તા

(C) શિખરિણી (D) અનુષ્ટુપ

36) નીચે આપેલ પંક્તિઓમાંથી ચોપાઈ છંદની પંક્તિ શોધો.

(A) શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક

(B) ચળકાટ તારો એ જ પણ તું જ ખૂનની તલવાર છે.

(C) જે પોષતું તે મારતું, શું એ ક્રમ નથી કુદરતી !

(D) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

37) 'ઉકરાટા ઉપડવા' – રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) ઈચ્છા ન થવી (B) નવી નવી ઈચ્છાઓ થવી.

(C) ઈચ્છા થવી. (D) જૂની ઈચ્છાઓ થવી.

38) 'જેનામાં આવડત ન હોય છતાં વટ પાડવા મોટી મોટી ડંફાસો મારે' – એવો અર્થ નીચે આપેલ કહેવતોમાંથી શોધો.

(A) ખાલી ચણો વાગે ઘણો. (B) ખાળે ડૂચા ને દરવાજા મોકળા.

(C) પેટનો બાળ્યો ગામ બાળે. (D) ડૂબતો માણસ તરણું પકડે.

39) 'અડાળી' શબ્દનું શિષ્ટરૂપ શોધીને લખો.

(A) આરોપ (B) ડાળી વિનાનું

(C) રકાબી (D) થાળી

40) નીચે આપેલ શબ્દોમાંથી 'લોચન' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) મન (B) ચક્ષુ

(C) મસ્તક (D) કપાળ

41) જે વાક્યમાં એક નામપદ બીજા નામપદ સાથેનો સંબંધ પ્રગટ કરે ત્યારે તે પદ સંબંધ કઈ વિભક્તિમાં કહેવાય ?

(A) કર્મ (B) કરણ

(C) અધિકરણ (D) સંબંધ

42) 'બા છરી<u>થી</u> શાક સુધારે છે.' રેખાંકિત પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે ?

(A) અપાદાનના અર્થમાં પંચમી (B) સંબંધના અર્થમાં ષષ્ઠી

(C) કરણના અર્થમાં તૃતીયા (D) એકપણ નહીં

43) એમાં ભડી તો ક્યાં ગણવાની ? આ વાક્યમાં નિપાત કયો છે ?

(A) એમાં (B) તો

(C) ક્યાં (D) ની

44) નીચેનાં વાક્યોમાં કૃદંત અને તેના પ્રકારનું કયું જોડકું ખોટું છે તે જણાવો.

(A) તે રાત્રે જમતાં નથી. - વર્તમાન કૃદંત

(B) પગે ચાલીને જવાય ખરું ? - સંબંધક ભૂતકૃદંત

(C) તું ખાવાનું મોકલનાર કોણ ? - વિધ્યર્થ કૃદંત

(D) બહાર મેળો લાગેલો હતો. - ભૂત કૃદંત

45) કર્તાને 'થી' પ્રત્યય અને ક્રિયાના સાદા અંગને 'આ' પ્રત્યય લાગીને કઈ રચના બને છે ?

(A) કર્મણિ

(B) પ્રેરક

(C) પુનઃપ્રેરક

(D) કર્તરિ

46) નીચે આપેલાં વાક્યોનો અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
વાક્ય 1 :- ચકુ દફ્તર મૂકે છે.
વાક્ય 2 :- મારાથી ન બોલાયું.

(A) વાક્ય 1 કર્તરિ રચના છે, જ્યારે વાક્ય 2 કર્મણિ રચના છે.

(B) વાક્ય 2 કર્તરિ રચના છે, જ્યારે વાક્ય 1 કર્મણિ રચના છે.

(C) બંને વાક્યો કર્મણિ રચના છે.

(D) બંને વાક્યો કર્તરિ રચના છે.

■ **નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 47 અને 48)**

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વગર સંસ્કાર દૃઢ થતા નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે: ભયથી, લાલચથી કે પ્રેમથી અને લાલચથી સંસ્કાર પાડી શકાય છે.

47) શેના વિના સંસ્કાર દૃઢ થતા નથી ?

(A) મહેનત

(B) કુટુંબ

(C) અભ્યાસ

(D) સમય

48) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે થઈ શકે છે ?

(A) મહેનત, નસીબ અને અભ્યાસથી.

(B) ભય, લાલચ અને પ્રેમથી.

(C) સ્વાર્થ, નિઃસ્વાર્થ અને નીડરતાથી

(D) સંસ્કારિતા, પરિશ્રમ અને પરોપકારથી

■ **કાવ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.** (પ્ર. 49 અને 50)

માણસ મરી જાય છે પછી
થોડા દિવસ
કરુણ શબ્દોની ઊડાઊડ.
હૉસ્પિટલની લાંબીમાં ફરતાં સગાવહાલાં જેવી
ઠાલાં આશ્વાસનોની અવરજવર
થોડા દિવસ –
'ગીતા' ને 'ગરુડ પુરાણ'ની હવા.
પછી બેન્ક બેલેન્સની પૂછપરછ.

49) માણસના મરી ગયા પછી શાની ઊડાઊડ થાય છે ?

(A) પવનની

(B) પંખીઓની

(C) કરુણાના શબ્દોની

(D) સ્વાર્થની

50) કવિએ ઠાલા આશ્વાસનોને કોની સાથે સરખાવ્યાં છે ?

(A) સ્વજનોની સાથે

(B) માણસોની સાથે

(C) કુટુંબીજનોની સાથે

(D) લાંબીમાં ફરતાં સગાવહાલાંઓ સાથે.

# 01(G)

(MARCH, 2017)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 13 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.

1) ટાઈમટેબલ બનાવવામાં દુઃખ પડે છે અને તેનું અનુસરણ કરવામાં પણ એટલું જ દુઃખ પડે છે - 'ટાઈમટેબલ' પાઠના આધારે સમજાવો. [4]

અથવા

એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર પાઠમાંથી આપણને શી પ્રેરણા મળે છે ?

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.

2) 'જક્ષણી' પાઠના આધારે વીશીના મહારાજનું વર્ણન કરો. [2]

3) મંદિરની રળિયામણી જગ્યા જોઈને મણિબા શું કહે છે ? [2]

અથવા

છકડો લાગ્યા પછી ગિલાના ઘરનું બદલાયેલું વાતાવરણ વર્ણવો.

■ **નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર જવાબ લખો.**

4) 'જૂનું પિયરઘર' કાવ્યને આધારે કાવ્યનાયિકાનાં મધુર સ્મરણો આલેખો. [3]

અથવા

'જ્ઞાન આવકારવાદાયક છે વરદાન રૂપ છે. પણ અતિજ્ઞાન દુ:ખદાયક છે, શાપરૂપ છે આ સત્યની પ્રતીતિ સહદેવના જીવનમાં થાય છે.' – સવિસ્તાર સમજાવો.

■ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.**

5) વિદ્યા ભણવાથી કયા કયા ફાયદા થાય છે ? [2]

6) 'પ્રશ્ન' કાવ્યમાં પ્રકૃતિનાં તત્ત્વોએ કવિના પ્રશ્નનો શો ઉત્તર આપ્યો ? [2]

અથવા

'તપાસીએ' કાવ્યમાં શ્રીકૃષ્ણના ભડભડ બળતા રથ દ્વારા કવિ શું કહેવા માગે છે ?

## <u>વિભાગ -B</u>

■ **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો.** [5]

7) ''પ્રત્યેક નાનામોટા વિદ્યાર્થીએ પુસ્તકાલયનું વ્યસન પાડવા જેવું છે. વિદ્યાર્થી તરીકે વિદ્યાવ્યાસંગ કેળવવો હિતાવહ છે. પુસ્તકાલયની નિયમિત મુલાકાત લઈને એકાદ-બે કલાક ત્યાંના શાંત, પવિત્ર અને પ્રેરણા સભર વાતાવરણમાં ગાળવાથી તમને જે અભ્યાસ પ્રેરણા જાગે છે, તે અપાર છે. પુસ્તકો, સામયિકો, સંદર્ભગ્રંથો વગેરે જિજ્ઞાસા ખાતર વાંચો કે પછી કોઈ ગંભીર અને વિશિષ્ટ હેતુ માટે વાંચો, તેનો લાભ જરૂર મળવાનો છે. અરે, કેવળ કુતૂહલવશ થઈને પણ પુસ્તકાલયમાં ચાર મેગેઝિનોનાં પાનાં ઉથલાવશો તો ય તમને નવા વિચારો, નવી દષ્ટિ, વિશેષ માહિતી લાધશે, જે તમારા જ્ઞાન અને સમજમાં વધારો કરશે અને જો તમે કોઈ વિશિષ્ટ બાબતની માહિતી મેળવવા કે નિશ્ચિત મુદ્દાઓ પર અભ્યાસ કરવા ઈચ્છતા હો તો, તમારું પુસ્તકાલય-વ્યસનમુક્ત અને અતૂટ હોવું ઘટે !''

■ **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** **[5]**

8) મનવા પર ઘર પહોંચીને, દુ:ખ ન કહીએ રોઈ
માન ગુમાવીએ આપણું, વહેંચી ન લેતું કોઈ.

અથવા

વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિદ્યા ને ધન.

## વિભાગ - C

9) 71, સ્વામી વિવેકાનંદ સોસાયટી, ઉધના રોડ, સુરતથી સાત્વિક પંડયા અમદાવાદમાં રહેતા તેના મિત્ર રાહુલ શુકલને સ્વાસ્થ્ય સુધારવાની સલાહ આપતો પત્ર લખે છે. **[5]**
(સૂચનામાં જણાવેલ નામ-સરનામું લખવું)

10) તમારી શાળામાં યોજાયેલ વાર્ષિક રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **[5]**

## વિભાગ - D

■ **નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારીને ફરીથી લખો.** **[3]**
(અનુગ, નામયોગી, જોડણી, અનુસ્વાર અને વિરામ ચિહ્નો સુધારવા)

11) કેશૂડો આપણ બહેકાવી મૂકે છે જ્યારે શીમળો છલકાવીને ય શાંત કરી દે છે ! રંગોની કેવી અસર હોય છે દરેક વૃક્ષ પોતાની ઓળખ ગન્ધવતી ય સાચવી રાખે છે. અરણી, આંકલવા, રાયણની મામા અને અજાણ્યાં વૃક્ષો ય આ ઋતુમાં ભીતર ખુલ્લુ મૂકી દે છે.

12) **કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** **[4]**

મૃણાલવતી બહાર અટારીમાં આવી. તેણે <u>ઝાડની છાલનું વસ્ત્ર</u> (શબ્દ સમૂહ માટે એક શબ્દ મૂકો.) છોડી સફેદ સાદું વસ્ત્ર પહેર્યું હતું. તેની લાંબી ધનુષ જેવી આંખો સ્થિર હતી. સખત હતી; (સંયોજક મૂકો) અને તેના હોઠ દઢતાથી બિડાઈ રહ્યા હતા. તેનું કદરૂપું મુખ આ સખ્તાઈથી <u>ઓછું</u> (વિરોધી શબ્દ મૂકો) કદરૂપું થયું હતું, અને તે જોતાં ત્યાં ઊભેલી સ્ત્રીઓને <u>કંપારી આવી ગઈ.</u> (રૂઢિપ્રયોગ વાપરો.)

13) નીચેના વિષયો પૈકી ગમે તે એક વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- ભારતમાં હવે વ્યવસાયી શિક્ષણ જ જોઈએ.

  મુદ્દાઃ પ્રસ્તાવના – આજનું શિક્ષણ – વ્યવસાયી શિક્ષણની જરૂર – વ્યવસાયી શિક્ષણના લાભ – વય પ્રમાણે વ્યવસાયલક્ષી શિક્ષણ – ઉદ્યોગો અને દેશનો વિકાસ – ઉપસંહાર.

- જો મનુષ્ય પોતાનું ભાવિ જાણતો હોય તો...

  મુદ્દાઃ પ્રસ્તાવના – ભાવિજ્ઞાન આશીર્વાદરૂપ – ભાવિજ્ઞાન શાપરૂપ – ભાવિનું અજ્ઞાન એમાં જ કલ્યાણ.

- આજની સ્ત્રીઓનું સમાજમાં સ્થાન.

  મુદ્દાઃ પ્રસ્તાવના – પ્રાચીન સમયમાં સ્ત્રીઓનું સ્થાન – આધુનિક સમયમાં સ્ત્રીઓનું વાસ્તવિક સ્થાન – કુશળતા અને સાહજિક ગુણો – પુરુષ સમોવડી – ઉપસંહાર.